પેજ 3

પતિ સિદ્ધાર્થના બર્થડે પર કિયારા સિંગર બની

મુંબઇ, તા. ૧૬: :એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રા આજે પોતાનો 41મો જન્મદિવસ મનાવી રહ્યો છે. આ ખાસ પ્રસંગે તેની પત્ની અને અભિનેત્રી કિયારા અડવાણીએ સોશિયલ મીડિયા દ્વારા તેને ખૂબ જ પ્રેમભર્યા અંદાજમાં જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. કિયારાએ ઇન્સ્ટાગ્રામ પર પતિ માટે એક પોસ્ટ શેર કરીને તેના જન્મદિવસને વધુ ખાસ બનાવી દીધો છે.કિયારાએ પોસ્ટની સાથે એક ઇમોશનલ અને ક્યૂટ કેપ્શન લખ્યું છે. તેણે લખ્યું, "સરાયાહના ફેવરિટ હ્યુમન અને અંદર-બહારથી સૌથી સુંદર વ્યક્તિ. તું આજે પણ મારો ક્રશ છે. હવે આપણી નાની બાળકી પણ તારા પર ફિદા છે. હેપ્પી બર્થડે, હસબન્ડ." કિયારાએ પોતાની પુત્રીનું નામ સરાયાહ હોવાનો પણ સંકેત આપી દીધો છે.

મિલકત વિવાદ: સુપ્રીમે કરિશ્મા કપૂરનો જવાબ માગ્યો

નવી દિલ્હી, તા. 16 (PTI): સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રિયા સચદેવ કપૂરની અરજી પર કરિશ્મા કપૂરનો જવાબ માંગ્યો છે. પ્રિયા સચદેવે વર્ષ 2016માં તેના દિવંગત પતિ સંજય કપૂર અને બોલિવૂડ અભિનેત્રી વચ્ચે સુપ્રીમ કોર્ટમાં થયેલા છૂટાછેડાના સમાધાનની પ્રમાણિત નકલ મેળવવા માટે આ અરજી કરી છે. આ ઘટનાક્રમ એટલા માટે મહત્વનો માનવામાં આવે છે કારણ કે ઉદ્યોગપતિ સંજય કપૂરના વિધવા પ્રિયા સચદેવ કપૂર હાલ દિલ્હી હાઈકોર્ટમાં કાનૂની લડાઈ લડી રહ્યા છે. સપ્ટેમ્બરમાં, કરિશ્મા કપૂરના બે બાળકોએ તેમના દિવંગત પિતા સંજય કપૂરની મિલકતોમાં હિસ્સો મેળવવા માટે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. તેમણે સંજય કપૂરની 21 માર્ચ, 2025 ની વસિયતને પડકારી છે, જેમાં કથિત રીતે તેમની તમામ અંગત મિલકત તેમની સાવકી માતા પ્રિયા સચદેવ કપૂરને આપવાનું જણાવાયું છે. શુક્રવારે જસ્ટિસ એ.એસ. ચંદુરકરની બેન્ચે પ્રિયા સચદેવ કપૂરની અરજી પર ચેમ્બરમાં સુનાવણી હાથ ધરી હતી અને સૂત્રોના જણાવ્યા અનુસાર, કરિશ્મા કપૂર પાસે બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

એ. આર. રહેમાને બોલીવુડમાં કોમવાદ પ્રવેશ્યો હોવાનું કહ્યું

છાવા ફિલ્મને વિભાજનકારી ગણાવી

મુંબઇ, તા. ૧૬: સંગીતકાર એ.આર. રહેમાન માટે વર્ષ ૨૦૨૫ ખૂબ જ વ્યસ્ત રહ્યું છે અને તેમણે આ વર્ષની શાનદાર શરૂઆત 'ગાંધી વાર્તા' આલ્બમથી કરી છે. નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ' આ વર્ષના અંતમાં રિલીઝ થયા પછી રહેમાન ફરી ચર્ચામાં આવશે. આ ફિલ્મમાં રહેમાન દિગ્ગજ સંગીતકાર હંસ ઝિમ્મર સાથે કામ કરી રહ્યા છે.

એ.આર. રહેમાનનું કહેવું છે કે તેમની પાસે કામ ઓછું આવી રહ્યું છે, જેનું કારણ તેમણે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને જણાવ્યું છે. તેમણે છેલ્લા આઠ વર્ષોમાં હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની અંદર થયેલા સત્તા પરિવર્તન અને સાંપ્રદાયિક ભાવનાને જવાબદાર ગણાવી છે. જો કે, આ બાબત સીધી રીતે તેમની સામે નથી આવી, પરંતુ તેઓ આવી અફવાઓ સાંભળતા રહે છે. તેમણે જેમાં સંગીત આપ્યું હતું તે છાવા ફિલ્મને તેમણે વિભાજનકારી ગણાવી છે. આમ છતાં આ ફિલ્મમાં સંગીત કેમ આપ્યું એમ પૂછવામાં આવતા કહ્યું કે આ ફિલ્મમાં તેમનું સંગીત જરૂરી છે.

જલ્લીકટ્ટુમાં રસાકસી: માત્ર એક આખલાના તફાવતથી ચેમ્પિયન

૧૭ આખલા નાથનાર અજીતે કાર જીતી, ૧૬ આખલા સાથે પ્રભાકરન બીજા ક્રમે રહ્યો

મદુરાઈ, તા. 16 અહીં નજીક આવેલા પાલમેડુ ખાતે પરંપરાગત રમત 'જલ્લીકટ્ટુ' નો બીજો દિવસ શુક્રવારે સંપન્ન થયો હતો. આ રસાકસી ભરી હરીફાઈમાં સર્વશ્રેષ્ઠ ખેલાડીએ ૧૭ આખલાઓને વશ કર્યા હતા, જ્યારે રનર-અપ રહેલા ખેલાડીએ ૧૬ આખલાઓને નાથ્યા હતા.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, શુક્રવારની આ ઇવેન્ટમાં ઓછામાં ઓછા ૩૭ લોકો ઘાયલ થયા છે, જેમાં આખલાને નાથનારાઓ, માલિકો અને કેટલાક દર્શકોનો સમાવેશ થાય છે. ગંભીર રીતે ઘાયલ થયેલા આઠ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, હજુ સુધી આ અંગે સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, પોન્થુગમપટ્ટીના અજીત, જેમણે ૧૭ આખલાઓને નાથ્યા હતા, તેમને ચેમ્પિયન જાહેર કરવામાં આવ્યા હતા. પાલમેડુના સ્ટાર ખેલાડી પોદુમ્બુ પ્રભાકરને ૧૬ આખલાઓને નાથી બીજું સ્થાન મેળવ્યું હતું.

રાજ્ય સરકાર વતી અજીતને કાર એનાયત કરવામાં આવી હતી, જ્યારે પ્રભાકરનને મોટરસાઇકલ ભેટમાં મળી હતી. કુલમંગલમના શ્રીધરના આખલાને દિવસનો સર્વશ્રેષ્ઠ આખલો જાહેર કરવામાં આવ્યો હતો, જેના માલિકે ટ્રેક્ટર જીત્યું હતું. કૈકુરિચીના તમિલારસનનો આખલો બીજા ક્રમે રહ્યો હતો, જેમને ઈનામમાં દેશી ગાય અને વાછરડું મળ્યું હતું.

ટોક્યોમાં પાવર આઉટેજથી રેલવે વ્યવહાર ઠપ્પ

૬.૭ લાખ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા

મેન્ટેનન્સમાં ખામીને કારણે ૯ કલાક સુધી ટ્રેનો થંભી; મુસાફરો પાટા પર ચાલીને બહાર નીકળવા મજબૂર

ટોક્યો: શુક્રવારે ટોક્યોમાં રેલવે પાવર આઉટેજને કારણે સવારના સમયે મુસાફરી કરતા અંદાજે ૬,૭૩,૦૦૦ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. વિશ્વના સૌથી વ્યસ્ત સ્ટેશનોને જોડતી બે મુખ્ય લાઈનો પર ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો.

રેલવે ઓપરેટર ઈસ્ટ જાપાન રેલવેના જણાવ્યા અનુસાર, શુક્રવારે યામાનોતે અને કેહિન-તોહોકુ લાઈનો પર ટ્રેનો નવ કલાક સુધી બંધ રહી હતી.

JR Eastએ જણાવ્યું હતું કે, ટોક્યોના તામાચી સ્ટેશન પર રાત્રિ દરમિયાન ચાલેલા મેન્ટેનન્સ કામ બાદ પાવર પુનઃસ્થાપિત કરવામાં નિષ્ફળતા મળતા શુક્રવારે વહેલી સવારે બંને લાઈનો પર વીજ પુરવઠો ખોરવાયો હતો.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે, સ્ટેશન પાસે ટ્રેક-સાઈડ ઈક્વિપમેન્ટ બોક્સમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.

બે સ્ટેશનો વચ્ચે અટવાયેલી કેહિન-તોહોકુ ટ્રેનમાંથી મુસાફરો નીચે ઉતરીને પાટા પર ચાલીને બહાર નીકળતા જોવા મળ્યા હતા, જેમાં ફાયર ફાઈટર્સ અને રેલવે સ્ટાફ દ્વારા તેમને મદદ કરવામાં આવી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટાઓમાં વ્યસ્ત સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી.

બંગાળમાં પરપ્રાંતીય મજૂરના મોતને પગલે હિંસક વિરોધ પ્રદર્શનો

રેલવે અને ધોરી માર્ગ કલાકો સુધી અવરોધાયા

કોલકાતા, 16 જાન્યુઆરી (PTI): ઝારખંડમાં એક માઈગ્રન્ટ મજૂરના મોતના વિરોધમાં ફાટી નીકળેલા હિંસક વિરોધ પ્રદર્શનોએ શુક્રવારે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના કેટલાક ભાગોને ઠપ્પ કરી દીધા હતા. ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ રેલવે ટ્રેક અને નેશનલ હાઈવે-12ને કલાકો સુધી બ્લોક કરી દીધા હતા, જેના કારણે હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા અને મુખ્ય માર્ગ પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, તેમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસ સાથેની અથડામણ દરમિયાન ટોળાએ ટ્રાફિક કિયોસ્કની તોડફોડ કરી અને પોલીસ વાહનને નુકસાન પહોંચાડતા તણાવ વધ્યો હતો. પથ્થરમારાની ઘટનામાં ઓછામાં ઓછા 12 લોકો ઘાયલ થયા હતા, જેમાં ઘણા મીડિયા કર્મીઓ પણ હતા. આ આંદોલનનું કવરેજ કરી રહેલી એક બંગાળી ન્યૂઝ ચેનલની મહિલા પત્રકાર પર ઉશ્કેરાયેલા પ્રદર્શનકારીઓ દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો, જેની મીડિયા સંગઠનોએ આકરી નિંદા કરી છે. અન્ય એક પત્રકારને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમને મુર્શિદાબાદ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ વિવાદનું કારણ 36 વર્ષીય અલાઉદ્દીન શેખનું મૃત્યુ હતું, જે મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગાના સુજાપુર કુમારપુર ગ્રામ પંચાયત વિસ્તારના રહેવાસી હતા. તેમનો મૃતદેહ ઝારખંડમાં તેમના ભાડાના મકાનમાંથી મળી આવ્યો હતો, જ્યાં તેઓ ભંગારના વેપારી તરીકે કામ કરતા હતા.

યુક્રેનનો 'રોબોટ સૈનિક': 45 દિવસ સુધી એકલા હાથે રશિયન આર્મીને રોકી રાખી

માનવ રહિત ગ્રાઉન્ડ વેહિકલ દ્વારા કરાતા સતત ગોળીબારને કારણે રશિયન સૈનિકો આગળ જ વધી શક્યા નહીં

કિવ, તા. ૧૬: યુક્રેનના પૂર્વી મોરચા પર ભારે મશીનગનથી સજ્જ એક રોબોટે સળંગ 45 દિવસ સુધી રશિયન હુમલાઓને રોકી રાખ્યા હતા, જ્યારે તે સ્થળે એક પણ યુક્રેનિયન સૈનિક હાજર નહોતો. રશિયન સૈનિકો સતત ગોળીબારને કારણે આગળ વધી શક્યા નહોતા, તેમને લાગતું હતું કે તેઓ અનેક યુક્રેનિયન ફાઈટરોનો સામનો કરી રહ્યા છે. ધુમ્મસ અને ખરાબ હવામાનની આડ લેવા છતાં તેઓ આ સંરક્ષણ તોડી શક્યા નહીં.

વાસ્તવમાં, આ પ્રતિકાર યુક્રેનની થર્ડ આર્મી કોર્પ્સ દ્વારા તૈનાત કરવામાં આવેલા એક માનવરહિત ગ્રાઉન્ડ વ્હીકલ (UGV) દ્વારા કરવામાં આવ્યો હતો. આ રોબોટ, જે DevDroid TW 12.7 તરીકે ઓળખાય છે, તે કદમાં સામાન્ય લૉનમૂવર (ઘાસ કાપવાનું મશીન) જેવડો જ છે, પરંતુ તે .50-કેલિબર M2 બ્રાઉનિંગ મશીનગનથી સજ્જ છે. આ રોબોટને 15 માઈલ (આશરે 24 કિમી) દૂરથી રિમોટ દ્વારા ઓપરેટ કરી શકાય છે અથવા તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) નો ઉપયોગ કરીને રસ્તો શોધી શકે છે. તેના કમાન્ડરે જણાવ્યું હતું કે, આ મશીને એવી જગ્યાઓનું રક્ષણ કર્યું જ્યાં સામાન્ય રીતે છ સૈનિકોની જરૂર પડે છે. જે રોબોટને કારણે યુક્રેનિયન સૈનિકો જોખમથી દૂર રહી શક્યા હતા.

પુતિનની શાંતિ મંત્રણા: ઈઝરાયેલ અને ઈરાનના વડાઓ સાથે ટેલિફોનિક વાતચીત

પુટિને નેતાન્યાહુ, પેઝેશ્કીયાનને ઇરાન કટોકટીની ચર્ચા કરવા કહ્યું

રશિયન પ્રમુખે બંને નેતાઓને ફોન કોલ કર્યો, રશિયા મધ્યસ્થી કરવા તૈયાર હોવાનું પણ જણાવ્યું

મોસ્કો, તા. ૧૬(PTI): રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને શુક્રવારે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. આ વાતચીત તેહરાન પર અમેરિકાના સંભવિત હુમલાના જોખમ વચ્ચે પશ્ચિમ એશિયામાં સર્જાયેલી કટોકટીની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે કરવામાં આવી હતી. રશિયન સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી અનુસાર, પુતિને રાજદ્વારી માધ્યમો દ્વારા પ્રદેશમાં સ્થિરતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે આ સંવાદમાં રશિયા મધ્યસ્થી કરવા તૈયાર હોવાનું પણ જણાવ્યું હતું. પ્રેસ રિલીઝમાં જણાવાયું છે કે, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. આ દરમિયાન મધ્ય પૂર્વ અને ઈરાનની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોતાની ટેલિફોનિક વાતચીત દરમિયાન પુતિન અને પેઝેશ્કિયને ઈરાન અને સમગ્ર પ્રદેશમાં સ્થિતિને ઝડપથી સામાન્ય બનાવવા માટે આહવાન કર્યું હતું. યાદીમાં વધુમાં ઉમેર્યું છે કે, બંને નેતાઓએ નોંધ્યું હતું કે રશિયા અને ઈરાન સતત ઈરાન અને સમગ્ર ક્ષેત્રમાં તણાવને વહેલી તકે ઘટાડવાના પક્ષમાં એકજૂથ વલણ ધરાવે છે.

તેઓએ ઉભરતા પ્રશ્નોને માત્ર રાજકીય અને રાજદ્વારી માધ્યમો દ્વારા ઉકેલવા માટેની તેમની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. પુટિને આશા વ્યક્ત કરી હતી કે ઈરાનના આર્થિક પગલાઓ સ્થિતિ સુધારશે.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવના જણાવ્યા અનુસાર, ઈરાન અને પશ્ચિમ એશિયામાં એકંદરે સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ છે અને પ્રમુખ તણાવ ઘટાડવા માટે તેમના પ્રયાસો ચાલુ રાખી રહ્યા છે.

રશિયન ન્યૂઝ એજન્સી TASS ના અહેવાલ મુજબ, અમેરિકાના પ્રમુખના દૂત સ્ટીવ વિટકોફે રાજદ્વારી ઉકેલ માટે તેહરાન સામે વોશિંગ્ટનની માંગણીઓ રજૂ કરી હતી.

સુપ્રીમ કોર્ટે મુકુલ રોયનું ધારાસભ્ય પદ જાળવી રાખ્યું, હાઈકોર્ટના આદેશ પર રોક

મુકુલ રોય ૨૦૨૧માં ભાજપમાંથી ટીએમસીમાં જોડાયા બાદ કલકત્તા હાઇકોર્ટે ભાજપની અરજીના આધારે તેમને પક્ષપલટા ધારા હેઠળ ગેરલાયક ઠેરવ્યા હતા

આ આદેશને પડકારતી રોયના પુત્રની અરજીની સુનાવણી સુપ્રીમમાં શરૂ, હાલ હાઇકોર્ટના આદેશનો અમલ મોકૂફ રહેશે

નવી દિલ્હી, તા. ૧૬(પીટીઆઈ): પશ્ચિમ બંગાળના વરિષ્ઠ રાજકારણી મુકુલ રોયને મોટી રાહત આપતા, સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના તે ચુકાદા પર સ્ટે આપ્યો છે જેમાં ભાજપમાંથી સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (TMC)માં જોડાયા બાદ તેમને ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા.

કલકત્તા હાઈકોર્ટે 13 નવેમ્બર, 2025 ના રોજ, 2021ની ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર ચૂંટાયા બાદ સત્તાધારી TMC માં જોડાવા બદલ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ રોયને ગેરલાયક ઠેરવ્યા હતા. શુક્રવારે, ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે હાઈકોર્ટના નિર્ણયને પડકારતી મુકુલ રોયના પુત્ર શુભ્રાંશુ રોય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ જારી કરતી વખતે આ વચગાળાનો આદેશ પસાર કર્યો હતો. બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે હાઈકોર્ટના ચુકાદાનો અમલ સ્થગિત રહેશે. શુભ્રાંશુ રોયનું પ્રતિનિધિત્વ કરતા વકીલ પ્રીતિકા દ્વિવેદીએ જણાવ્યું હતું કે વરિષ્ઠ નેતા બીમાર છે અને તેમણે દાવો કર્યો હતો કે હાઈકોર્ટે તેની મર્યાદિત ન્યાયિક સમીક્ષા સત્તાઓનો ઉપયોગ કરીને ધારાસભ્યને ગેરલાયક ઠેરવવાનો આદેશ આપીને પોતાના અધિકારક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું છે. તેણીએ જણાવ્યું હતું કે વિધાનસભા અધ્યક્ષે ગેરલાયકાતની અરજીઓ એ આધારે ફગાવી દીધી હતી કે મુકુલ રોયના કથિત પક્ષપલટાને દર્શાવવા માટે સબમિટ કરવામાં આવેલી સોશિયલ મીડિયા પોસ્ટ્સ એવિડન્સ એક્ટની કલમ 65B મુજબ પ્રમાણિત કરવામાં આવી ન હતી.

હાઈકોર્ટે અધ્યક્ષના નિર્ણયને ઉલટાવી દેતા અવલોકન કર્યું હતું કે બંધારણની દસમી અનુસૂચિ હેઠળની કાર્યવાહીમાં કલમ 65Bનું કડક પાલન જરૂરી નથી. ભાજપના નેતાઓ સુવેન્દુ અધિકારી અને અંબિકા રોય વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલે જણાવ્યું હતું કે રોય ભાજપની ટિકિટ પર લડ્યા હતા અને બાદમાં ખુલ્લેઆમ અન્ય પક્ષમાં જોડાયા હતા.

અમેરિકા, તાઈવાને ૨૫૦ અબજ ડોલરનો વેપાર કરાર કર્યો

આ કરાર હેઠળ અમેરિકાએ તાઇવાન માટેના ટેરિફ ઘટાડીને ૧૫ ટકા કર્યા

અમેરિકામાં અનેક વર્લ્ડ ક્લાસ ઔદ્યોગિક પાર્ક બનાવવા બંને દેશો આર્થિક ભાગીદારી સ્થાપિત કરશે

હોંગકોંગ, તા. ૧૬(એપી): અમેરિકા અને તાઈવાન વચ્ચે ગુરુવારે એક વેપાર સમજૂતી થઈ છે, જે અંતર્ગત અમેરિકી ટેક ઉદ્યોગમાં ૨૫૦ બિલિયન ડોલરના નવા રોકાણના બદલામાં તાઈવાની માલસામાન પરના ટેરિફમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વેપાર અસંતુલનને દૂર કરવા માટે ગત એપ્રિલમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કરેલી વ્યાપક ટેરિફ યોજના બાદ તેમણે કરેલી આ લેટેસ્ટ સમજૂતી છે, જેમાં યુરોપિયન યુનિયન અને જાપાન સાથેના કરારોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્ર ચીન સાથેના સંબંધોને સ્થિર કરવા માટે ટ્રમ્પે એક વર્ષનો વેપાર યુદ્ધ વિરામ (ટ્રેડ ટ્રુસ) પણ કર્યો છે.

ટ્રમ્પે શરૂઆતમાં તાઈવાની ચીજવસ્તુઓ પર ૩૨ ટકા ટેરિફ નક્કી કર્યો હતો પરંતુ બાદમાં તેને બદલીને ૨૦ ટકા કર્યો હતો. નવી સમજૂતી આ ટેરિફ રેટને ઘટાડીને ૧૫ ટકા કરે છે, જે જાપાન અને દક્ષિણ કોરિયા જેવા એશિયા-પેસિફિક ક્ષેત્રના અમેરિકાના અન્ય વેપારી ભાગીદારો પર વસૂલવામાં આવતા દર જેટલો જ છે.

અમેરિકી ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તાઈવાન સાથેનો આ સોદો ઘરેલું ઉત્પાદન વધારવામાં મદદ કરવા માટે અમેરિકામાં અનેક વર્લ્ડ-ક્લાસ ઔદ્યોગિક પાર્ક બનાવવા માટે એક આર્થિક ભાગીદારી સ્થાપિત કરશે. વિભાગે તેને એક ઐતિહાસિક વેપાર સોદો ગણાવ્યો છે જે અમેરિકાના સેમિકન્ડક્ટર ક્ષેત્રના મોટા પાયે રિશોરિંગ માટે પ્રેરક બનશે.